# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

નેતાની સભામાં હાજરીનું, ત્રાટકે છે ડિઝાસ્ટર!
સરકારી સમારંભે શોભાનું, લટકે છે ડિઝાસ્ટર!
પ્રેમલા-પ્રેમલીના સ્કેન્ડલનું, ખટકે છે ડિઝાસ્ટર!
શિક્ષકો - અભાવે ભટકતા અભ્યાસનું ડિઝાસ્ટર..
(બાળકોને ડિઝાસ્ટર તાલીમ)

## હાઈકુ

ઉતર્યું ઘેન?!
વશીકરણ માંથી -
સેવકો મુક્ત!
(પાંખી હાજરીનો પ્રશ્ન)

લાગે વળગે -
અમને સત્તાથી, છો -
સીમા સળગે..
(ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત)

## ચિંતન

**શ્રેયો નૂનં વ્રજતિ સ પુમાંશિક્ષયા વર્ધિતો યઃ સ્વચ્છંદ યશ્ચરતિ સ પરાભૂતિમાપ્નોતિ કાલે ।**
**પૂજ્યો વેણુર્ભવતિ ચ નતિં પ્રાપિતો ભૂપતીનાં મન્યં નૃતોચિતમિતિ કરે નર્તકાઃ કલ્પયન્તિ ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના - બીજા પ્રકરણ સામાન્ય નીતિનો આ શ્લોક છે :

જેને શિક્ષણ-તાલીમ-સંસ્કાર આપીને ઉત્કૃષ્ટ બનાવવામાં આવ્યો છે એવો માણસ ખરેખર કલ્યાણને પ્રાપ્ત કરે છે અને સન્માન સાથે પૂજાય પણ છે.

પરંતુ, જે માણસ સ્વછંદે ચઢી રાગ-ભોગ-વાસના-વ્યસને ચઢી જાય છે કોઇનું કંઇ માનતો કે સાંભળતો નથી તેનું પતન-પરાભવ નિશ્ચિત જ છે.

આ વાતની પુષ્ટિ માટે દૃષ્ટાંત આપતાં કવિ કહે છે કે એક 'વાંસ' ના ઝાડનો એક બાંબૂ સારા સંસ્કાર આપી પૂજા-પ્રતિષ્ઠા પછી 'રાજદંડ' બની જાય છે. રાજાના હાથમાં રહે છે અને એને સૌ કોઇ વંદન કરે છે.

જયારે એ જ વૃક્ષનો બીજો બાંબૂ નર્તક-નટને નાચવામાં - સમતુલન સાચવવાના કામમાં આવે છે.

## સુવિચાર

- જીસકો જાનાહી નહી ઉસકો ખુદા કૈસે કહેં.
  ઔર જીસે જાન લીયા હો વો ખુદા કૈસે હો.. **- અકબર મીરપૂરી**
- ઊંડો ઘા રૂઝાય છે એટલી ઝડપથી અપમાન ભૂલી શકાતું નથી **- એસ. ભટ્ટાચાર્ય**
- પાપજનક પરિસ્થિતિઓથી દૂર રહો, પરમેશ્વર તમારી રક્ષા કરશે જ **- અખંડ આનંદ**
- અભિમાની માણસને ખુશામત જેટલી પ્રભાવિત કરે છે એટલી અન્ય કોઇને નહીં **- મનુસ્મૃતિ**
- આત્મપ્રેમ એ પણ એક મોટો ખુશામતિયો છે **- રજનીશ**
- પરમાત્માનું સરનામું દિલ છે.. દિમાગ નહીં **- તોલ્સતોય**
- શ્રમ એ સમયને વાઢવાનું દાતરડું છે **- અરબી કહેવત**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

કેટલાક લોકોને નવરાત્રીનો ઘોંઘાટ ગમતો નથી ગરબા સાંભળવાને બદલે એ 'શાંતિ' સાંભળતા હોય છે જીવનમાં પણ શેરબજાર-સટ્ટા-પરદેશ કમાણી-દોડાદોડી અહીંથી કમાઉં કે ત્યાંથી નફો લઉંનો ભગદડ ભરી જિંદગી જીવતા હોય છે સંતોષની શાંતિ ખાવાને બદલે પીડાના પકવાન ખાવાની એમને આદત પડી ગઇ હોય છે. શાંત-ધીર-પુરૂષો ઘોંઘાટ અને ગીર્દીથી દૂર રહે છે.

સૂફી શાહ ઇંદ્રીસ જંગલમાં એક કુટિર બનાવી રહેતા હતા ત્યાં રાત્રે એક વ્યક્તિ આવી- જોયું તો ઇંદ્રીસ નાના એક દીવાના ઝાંખા પ્રકાશમાં શાંતિથી પુસ્તક વાંચતા હતા.

પેલાએ જોયું કે એક વધારે પ્રકાશ આપતું ફાનસ થોડે જ દૂર ફોગટ બળતું હતું. સંત ઇંદ્રીસ પાસે બેઠો. સંતે ઊંચે જોયું આવવાના પ્રયોજનથી થોડી ઘણી વાત પૂરી થઇ પછી પેલાથી રહેવાયું નથી. એણે પુછ્યું બાબા! એક વાત પૂછું! આ સામે વધારે પ્રકાશ આપતું ફાનસ છે એના પ્રકાશમાં આપ પુસ્તક વાંચવાને બદલે અહીં આ નાના દીવાના પ્રકાશમાં કેમ વાંચો છો?

સંતે કહ્યું જો એ સારા પ્રકાશમાં જીવ-જંતુ ફોદાં, કીટકો કેટલાં બધા છે મેં એમના માટે જ એ ફાનસ ત્યાં રાખ્યું છે એ નાના દીવા પાસે આવતાં નથી.

જીવનનું પુસ્તક વાંચવા માટે પણ - આ જરૂરી છે જિંદગી ઘોંઘાટ-ઝાકઝમાળથી દૂર રહી, આત્મમંથન કરવાની જરૂર છે

Email - sureshchandrabhatt18@gmail.com

# મૂર્તિપૂજા કયા યુગમાં શરૂ કરવામાં આવી હતી?

## ધર્મ અને આધ્યાત્મ

(૧) ભારતનું સૌથી ધનાઢ્ય મંદિર કયું છે?
(અ) સાંઈબાબા મંદિર (શીરડી) (બ) તિરૂપતિ બાલાજી મંદિર
(ક) પદ્મનાભસ્વામી મંદિર (તિરૂવનંતપુરમ્) (ડ) જગન્નાથપુરી મંદિર

(૨) મહારાષ્ટ્રના કયા સ્થળે વિઠ્ઠલનું પ્રસિદ્ધ મંદિર છે?
(અ) પંઢરપુર (બ) ઔરંગાબાદ
(ક) નાસિક (ડ) નેવાસા

(૩) વ્રજવાન સંપ્રદાય કયા ધર્મ સાથે સંબંધિત છે?
(અ) જૈન (બ) હિન્દુ
(ક) બૌદ્ધ (ડ) તાઓ

(૪) 'અણુવ્રત' શબ્દ કયા ધર્મ સાથે સંબંધિત છે?
(અ) જૈન (બ) શિવ
(ક) બૌદ્ધ (ડ) હિન્દુ

(૫) સિંધી સમાજના આરાધ્ય દેવ ઝુલેલાલ કયા દેવતા છે?
(અ) ઈન્દ્ર (બ) વરૂણ
(ક) અગ્નિ (ડ) વાયુ

(૬) રામાયણમાં સીતાહરણ કરવા માયામૃગ રૂપ કોણે ધારણ કર્યું હતું?
(અ) મારીચ (બ) જાલંધર
(ક) કાલનેઝી (ડ) મોચ

(૭) પ્રસિદ્ધ 'ઉજ્જૈન' શહેરનું પ્રાચીન નામ શું હતું?
(અ) કાન્યકુબઈ (બ) ધાન્યકટક
(ક) તક્ષશિલા (ડ) અવન્તિકા

(૮) કયા રાજાના દરબારમાં 'ભવભૂતિ' શોભાયમાન થયા?
(અ) યસોવર્મન (બ) પુલકેસિન
(ક) કનિષ્ક (ડ) અશોક

(૯) દક્ષિણના પ્રસિદ્ધ મહાકાવ્ય 'કુરલ'ના સર્જક કોણ છે?
(અ) પુગ્લેનિદ (બ) ઓત્તકુટ્ટન
(ક) કમ્બન (ડ) તિરૂવલ્લુર

(૧૦) 'અથર્વ'નો ધાર્મિક અર્થ શું થાય છે?
(અ) પવિત્ર જાદુ (બ) સ્તૃતિ
(ક) દર્શન (ડ) યજ્ઞ

(૧૧) 'પુરંદર' શબ્દનો ઉપયોગ ઋગ્વેદમાં કયા દેવતા માટે કરાયો છે?
(અ) ઈન્દ્ર (બ) અગ્નિ
(ક) વરૂણ (ડ) સોમ

(૧૨) ગુડી પડવાની શરૂઆત કેવા સ્વાદની વસ્તુ ખાઈને કરવામાં આવે છે?
(અ) મીઠા (બ) તીખા
(ક) મોળા (ડ) કડવા

(૧૩) મહારાષ્ટ્રીયન લોકોના નૂતન વર્ષને શું કહેવામાં આવે છે?
(અ) શક સંવત (બ) શાલિવાહન સંવત
(ક) વિક્રમ સંવત (ડ) વર્ધમાન સંવત

(૧૪) ઋગ્વેદમાં સૌથી વધારે મંત્ર કયા દેવની સ્તૃતિ માટે લખાયા છે?
(અ) ઈન્દ્ર (બ) વરૂણ
(ક) બ્રહ્મા (ડ) સૂર્ય


(૧૫) મૂર્તિપૂજા કયા યુગમાં શરૂ કરવામાં આવી હતી?
(અ) ગુપ્તયુગ (બ) વૈદિક યુગ
(ક) મહાકાવ્ય યુગ (ડ) મૌર્યયુગ

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ**

- ૧૦ ઓકટો. ૧૮૫૬ લેસ્ટર ગેર્મર-અમેરિકન ભૌતિક વૈજ્ઞાનિક, તેમણે પ્રોપર્ટી ઓફ ઈલેકટ્રોનની શોધ કરેલ
- ૧૦ ઓકટો. ૧૮૯૨ અર્લે ડિકશન - તેઓ અમેરિકન વૈજ્ઞાનિક હતા, શરીર પર ઘા પડે અને બેન્ડ એઈડ લગાવવામાં આવે છે તેમના શોધક
- ૧૧ ઓકટો. ૧૯૪૫ રોહર્ટ પીટર ગેલ - અમેરીકન તબીબ, ઈન્ટર નેશનલ બોર્નમેરો રજીસ્ટ્રી, સંસ્થાના સ્થાપક
- ૧૧ ઓકટો. ૧૮૮૪ ફેનરીચ બર્ગીયસ - તેઓ જર્મન રસાયણ વૈજ્ઞાનિક હતા. 'કોલ-ડસ્ટ કન્વર્ટ' પ્રોસેસના શોધક
- ૧૨ ઓકટો. ૧૮૬૫ રેઈન હાર્ડ સેલ્ટન - જર્મન ગણીતશાસ્ત્રી, ૧૯૯૪માં નોબેલ પારિતોષિક વિજેતા
- ૧૨ ઓકટો. ૧૮૬૦ સર ઓર્થર હાર્ડન - ઈંગ્લીસ બાયોકેમીસ્ટ ૧૯૨૯માં નોબલ પ્રાઈઝ વિજેતા
- ૧૩ ઓકટો. ૧૯૩૨ જહોન ગ્રીગ્સ થોમ્પસન - અમેરીકન મેથેમેટીશીયન - ૧૯૭૦માં ફિલ્ડ મેડલ વિજેતા
- ૧૩ ઓકટો. ૧૮૬૭ વિલિયમ - ઝેડ રિપ્લે - અમેરીકન ઈકોનોમીસ્ટ અને એન્થ્રોપોલેજીસ્ટ
- ૧૪ ઓકટો. ૧૯૪૬ જે કાર્ગીસ વેન્ટર - અમેરીકન મોલેકેયુલર જીનેસ્ટીસ્ટ 'એક્સપ્રેસ્ડ સીક્વન્સ ટેગ' ટેકનીકનાં શોધક
- ૧૪ ઓકટો. ૧૯૩૪ રોબર્ટ મેકકોર્કલે નેટીંગ - અમેરીકન એન્થ્રોપોલોજીસ્ટ
- ૧૫ ઓકટો. ૧૯૪૦ પીટર સી. ડોહર્ટી - ઓસ્ટ્રેલિયન 'ઈમ્યુનોલોજીસ્ટ' ૧૯૯૬માં નોબલ પારિતોષિક વિજેતા
- ૧૫ ઓકટો. ૧૯૨૧ સેમોર બેન્ઝર - અમેરીકન મોલેક્યુલર બોયોલોજીસ્ટ, 'વાયરલ જીન'ના સ્ટ્રકચર પર શોધ કરી
- ૧૬ ઓકટો. ૧૯૨૩ કેરીલ પોનાપેરમ - અમેરીકન રસાયણ વૈજ્ઞાનિક, તથા એટીપી પર શોધ કરનાર
- ૧૬ ઓકટો. ૧૮૭૭ બાયઝોન - હેલેન્ડ - હેન્સન - નોર્વે દેશના વૈજ્ઞાનિક, સમુદ્ર વિજ્ઞાન પર સંશોધન

## ખજાનો



- ડૉ. અનિલ પટેલ

anilbhaikpatel@gmail.com

### ગયા સપ્તાહનો સવાલનો જવાબ

**સવાલ - વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીનું અમેરિકાના ન્યૂયોર્ક શહેરના કયા સ્થળે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું?**

**જવાબ - 'મેડીસન સ્કવેયર'**

### સાચા ઉત્તર આપનાર પત્ર મિત્રો

(૧) લમ્હા એમ. જાદવ : સે-૩૦
(૨) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી
(૩) નટુભાઈ દરજી : પેથાપુર
(૪) ધાર્મિક એન. પટેલ : ધોળેશ્વર પાસે, (ગાયત્રી રેસીડેન્સી)
(૫) જયેન્દ્ર એન. પાઠક : સે-૩૦
(૬) પંકજ આર. પ્રજાપતિ : ઉવારસદ
(૭) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સેક્ટર-૭બી
(૮) આકાશ જી. પટેલ : સે-૩૦

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**તમિલનાડુના નવા મુખ્યમંત્રી તરીકે કોની નિયુક્તિ કરવામાં આવી છે?**

**ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

### સાચા જવાબો

(૧) ક (૨) અ (૩) ક (૪) અ (૫) બ (૬) અ (૭) ડ (૮) અ (૯) ડ (૧૦) અ (૧૧) અ
(૧૨) ડ (૧૩) બ (૧૪) અ (૧૫) ક

# દિકરી વિદાય થઈ, ઘર ખાલી થઈ ગયું, માલતીબેન એકલા સોફા પર બેઠા છે, સમય પસાર કરવા તેણે ઋચાના ફોટાવાળું આલ્બમ હાથમાં લીધું, પાના ફેરવતાં પ્રથમ ફોટા પર નજર સ્થિર થઈ, આંખમાં ઝળઝળીયા ભરાઈ ગયા

## અજાણી બા

### વાર્તા

- અનંત ન. વ્યાસ

ઋચાની લગ્નવિધિ ચાલે છે. માતા માલતીબેન પુત્રીના અનેરા રૂપને જોઇ રહ્યા છે. ચોરીના ફેરા ફરાતા જાય છે. તેમ તેમ માતાના આંતર ચક્ષુમાં ઋચાના જીવનના વિવિધ પાસા ઉઘડતા જાય છે. 'આ ઋચા, હજી તો જાણે ગઇ કાલની વાત, ફ્રાક પહેરીને ફળિયામાં દોડાદોડ કરતી ઓસરીના બે પગથિયા ચડવા માટે મને બૂમ પાડતી, તે આજે જીવનનું પગથિયું કેવી સ્થિરતાથી ચઢે છે. ખભે દફ્તર ભરાવી પ્રાથમિક સ્કુલે જતી ઋચા. સાંજે ઘેર આવે ત્યાં કયાંક પડી હોય ને કપડા ધૂળધાણી થયા હોય જ. આજે પાનેતર- ચુંદડીમાં જરા પણ ડાઘ ન પડે તેની કાળજી રાખતી થઇ છે એ જયારે હાઇસ્કૂલમાં આવી ત્યારે તેના પિતાએ સરસ સાઇકલ અપાવેલ. ઋચા ખુશખુશાલ હતી. ગમે તેવી ભીડવાળા રસ્તા પર સાઇકલ દોડાવતી. પોતાને ડર લાગતો - પણ ઋચા તો એના માર્ગે જ...

સપ્તપદી સાંભળતી ઋચાને માલતીબેન જોઇ રહ્યા. ત્યાં ગોરે ગોત્રોચ્ચારની બૂમ પાડી ને માલતીબેન કંપી ઊઠ્યા. ઋચાનું ગોત્ર... ઋચાને પોતે ઉદરમાં નથી ઉછેરી... તેની નજર સમક્ષ આ સમય જીવંત થયો. ગોરે તો ચલાવી લીધું. પણ માલતીબેન વિચારે ચડ્યા... પોતાને લગ્ન - જીવનના દસ વર્ષમાં સંતાનની પ્રાપ્તિ ન થઇ. ડોકટર્સે સ્પષ્ટ નિદાન કર્યું કે તમો માતૃત્વ ધારણ કરી શકો તેમ નથી. પતિ નોર્મલ છે. એ ધારે તો અન્ય સાથે લગ્ન કરી વંશવેલો ચલાવી શકે. પણ પછી - પોતાની સ્થિતિ. પણ પતિએ ભારે હિંમત દાખવી. પોતાને ધીરજ આપતા કહેલું 'માલુ ચિંતા ન કર, હું તને કયારેય નહિ છોડું, આપણે દત્તક બાળક લઇશું. દત્તક લેવાની બાબતમાં પતિએ પોતાને જ ટેકો આપેલો. દીકરી લેવાનો નિર્ણય કર્યો. વિવિધ આશ્રમમાં તપાસ કરતા એક બાળકી મળી માંડ મહિના - સવા મહિનાની હશે. બહુ રૂપાળી પણ ન હતી. પણ તેની ગોળ - કાળી આંખો... જેવી ગોદમાં લીધી ત્યાં એકીટશે સામું જોઇ રહી. જાણે કહેતી હોય. 'બા મને શોધતા હતા ને લો આ હું આવી ગઇ.' કાયદાકીય જોગવાઇઓ પુરી કરી તેને ઘરે લાવ્યા ને નામ પાડ્યું ઋચા....'

પછી તો માતાપિતાનો અનારાધાર પ્રેમ વરસવા લાગ્યો. ઋચાના વિવિધ કર્મના ફોટાઓથી આલ્બમ ભરાઇ ગયા. માલતીબેને આલ્બમમાં પ્રથમ ફોટો ઋચાને લાવ્યા તે દિવસનો રાખેલો. એ વખતે આ બાળકીના ગળામાં ત્રણ ગાંઠવાળો કાળો દોરો હતો. પોતે દોરો તોડી નાખ્યો. પણ પછી ગભરાયા. તે દોરાને ફોટા પર જ ચોંટાડી દીધો... ઋચા ભણવામાં હોંશિયાર - દસમામાં બોર્ડમાં નંબર લાવી. ઘરમાં આનંદ પથરાયો પણ કાળ કયાં કોઇને આનંદ ભોગવવા દે છે. હજુ તો ઋચા બારમાના છેલ્લા સેમીસ્ટરમાં આવી ત્યાં પિતાનું અચાનક અવસાન થઇ ગયું.

એ દિવસ યાદ આવતા માલતીબેન ધ્રૂજી ઉઠ્યા. ઋચા બાજુના રૂમમાં અભ્યાસ કરતી હતી. પતિ-પત્ની ઋચાને વધારે ભણાવવાના સ્વપ્નો સેવતા હતા. ત્યાં કાળની કારમી થપાટ લાગી. સ્વપ્નો તૂટી પડ્યા. મહેશભાઇ જતાં મા-દીકરી નોંધારા થઇ ગયા. પણ ઋચાએ સમય સાચવી લીધો. વિકટ પરિસ્થિતિમાં પણ પરીક્ષા આપી અને ૮૦ ટકા માર્કસ પસાર પણ કરી પણ હવે શું? ઋચાને ભણવાની ઇચ્છા હતી. મા ને દીકરી ભણાવવી હતી પણ સાધન-સગવડ કોલેજ ફી, તથા અન્ય ખર્ચ. મા-દીકરી છાના છાના આંસુ એવા વખતે એક પત્ર મળ્યો. તેમાં જણાવાયું હતું. બહેનશ્રી, તમારી દીકરીને આગળ ભણવું છે તો ભણાવો તેના ખર્ચની ચિંતા ન કરો. અમારી સંસ્થા ઋચા તેનો અભ્યાસ પૂર્ણ કરશે ત્યાં સુધી તમામ ખર્ચ આપશે. હા, ઋચાને ઉચ્ચ કક્ષાએ પાસ થવાનું રહેશે. આ પાછળ કોઇ મેલી મુરાદ નથી. માત્ર ઉચ્ચ જ્ઞાતિની દીકરીઓ નાણાંનાં અભાવે ન ભણી શકે તે યોગ્ય નથી અને અમો ગુપ્તદાનમાં માનીએ છીએ.

પત્ર વાંચી માલતીબેનને વિશ્વાસ ન પડ્યો. પણ પછી ભગવાનને ભરોસે ઋચાને કોલેજમાં દાખલ કરી દીધી. અને ઋચા ભણી રહી ત્યાં સુધી તેની તમામ ફી ભરાઇ જતી. કોલેજના અન્ય ખર્ચ પુસ્તકો તેને મળી જતા માત્ર આ કોણ મોકલાવે છે. તેની ખબર ન પડતી ન કોઇ પત્ર આવતો. ન કંઇ દબાણ, ન સમાચાર, કોઇને જરા પણ ખ્યાલ ન આવ્યો કે ઋચાનો ખર્ચ કેમ નીકળે છે. માત્ર મા દીકરી અજાણી મદદ માટે મનમાં વિચારતા....

ઋચાનો અભ્યાસ પુરો થયો. આજે તો તેના લગ્ન છે. લગ્ન નક્કી થયા તો ઋચાએ પુછેલું, 'મમ્મી જેણે મને ભણાવી તેને લગ્નની ખબર ન આપવાની જરૂર આપવી પડે. પણ એ કોણ છે.... નામ સરનામું... ઋચાએ જ રસ્તો શોધી કાઢ્યો. છાપામાં ખબર છપાવી, 'ઓ મારી અજાણી બા, હું તમને નથી ઓળખતી પણ તમે મારી સારસંભાળ લીધી છે. હવે મારા લગ્ન છે મારી ઇચ્છા છે તેમો પ્રગટ થાવ ને લગ્નમાં આવોને મને આશિષ આપો.'

અત્યારે તો લગ્ન ચાલે છે. કોઇ નથી આવ્યું. હવે તો કન્યા વિદાયનો સમય પણ થઇ ગયો. ઋચા ધીમા પગલે માતા પાસે આવીને વળગી પડી. મા દીકરી ધ્રૂસકો ચઢી ગયા. કોણ કોને છાનું રાખે. ત્યાં માલતીબેનની પીઠ પાછળ અજાણ્યો હાથ પડ્યો. ઋચાને પણ થાબડી તો ઋચાએ જોયું. કોલેજ તથા હોસ્ટેલમાં કામ કરતા જશોદાબેન... અરે જસુમાસી...' ઋચા બોલી ઊઠી. મમ્મી આ મારી કોલેજ હોસ્ટેલમાં કામ કરે છે. મારું ધ્યાન રાખતા. મને ખાસ ગરમ જમાડતા... માસી તમે....?

હા, ઋચા તું કોલેજમાં સૌને ગમતી. લાડકી હતી. તારા લગ્ન પ્રસંગે અમારા મંડળ વતી હું શુભેચ્છા આપવા માટે આવી છું. માલતીબેને જશોદાબેનનો આભાર માન્યો. રૂા. ૧૦૧ તથા સાદો પાતળો ચેઇન ઋચાને આપતા કહે, આ અમારી શુભેચ્છા ને આંખ લુંછતા પાછા હટી ગયા...

દિકરી વિદાય થઇ. ઘર ખાલી થઇ ગયું. માલતીબેન એકલા સોફા પર બેઠા છે. સમય પસાર કરવા તેણે ઋચાના ફોટાવાળું આલ્બમ હાથમાં લીધું. પાના ફેરવતાં પ્રથમ ફોટા પર નજર સ્થિર થઇ. આંખમાં ઝળઝળીયા ભરાઇ ગયા. ત્યાં ધીમા પગલે જશોદાબેન આવી પાસે ઊભા રહ્યા અને ઋચાના પ્રથમ ફોટાને તે પણ જોઇ રહ્યા. માલતીબેને સામે જોયું. તો જશોદાબેન એક પાકીટ કાઢ્યું. તેમાંથી એક ફોટો કાઢ્યો. ફોટામાં એક મહિલા નાનકડા બાળકના ગળામાં ત્રણ ગાંઠવાળો કાળો દોરો બાંધતી હતી. તેણે આલ્બમના ફોટા સાથે તેને મુક્યો.

માલતીબેને બંને ફોટા જોયા. તેના મનમાં પ્રકાશ થયો માત્ર સ્ત્રીઓ જ સમજી શકે તેવો પ્રશ્ન આંખ વડે જ પુછ્યો. જવાબ મળ્યો. હા હું જ તેની જનેતા છું પણ એ કોઇ પાપનું ફળ નથી. અમારા પરમ - પ્રેમનું પ્રતીક છે. હું મારા પતિ મીલીટરીમાં હતા. ત્રાસવાદીઓની સફાઇ કરવામાં એ મહત્ત્વનું સ્થાન ધરાવતાં. પરિણામે અમને નેસ્તનાબૂદ કરવા ત્રાસવાદી સંગઠનો તૈયાર હતા. એ તો શહિદ થઇ ગયા. પણ મારે સંતાઇ જવું પડ્યું. ત્રાસવાદીનો ઓછાયો દીકરી પર ન પડે તે માટે મેં તેને અનાથઆશ્રમમાં મુકી, તમે અમારી વેલીના ફૂલને ખીલવ્યું.

પણ તમને જાણ કેમ થઇ?

તેનો ફોટો છાપામાં છપાયેલો. હું તુરત જાણી ગઇ. જનેતા ખરીને... પછી તેને જોવા. તેની થોડી ઘણી સંભાળ લેવા આ નોકરી લીધી. ઋચા તમારે ત્યાં અતિ આનંદમાં છે. સુખી છે તે જાણી મારા મનમાં સંતોષ થયો. બહેન ભલે, હું જનેતા છું પણ ઋચાના સાચા માતા તો તમે છો... પણ તમે પ્રગટ કેમ ન થયા... ઋચાને જુઓ, હું મેં જાહેર કર્યું હોત તો... આપણા ત્રણેના જીવનમાં વિષ પ્રસરત. તમને મારા પ્રત્યે અભાવ જાગત - કદાચ ઋચાના ભાવિ જીવન પર પણ પડછાયા પડે. બહેન મારી તમને વિનંતી છે કે તમો કયારેય ઋચાને આ વાત ન કરતા. તમે જેમ લગ્નમાં સમાચાર આપ્યા તેમ હું 'અજાણી બા' રહેવા ઇચ્છું છું... હવે ફરી કયારેક આ પ્રદેશમાં નહિ આવું... માત્ર તેની 'અજાણી બા' તેના લગ્નમાં ગમે તે વેશે અવશ્ય આવી હશે તેવું સાંત્વન આપશો. જશોદા બેને ફોટા પાછો લઇ લીધો ને ધીમા પગલે ચાલતા થયા.

# સ્નેહ : સૌથી મોટું સૌંદર્ય-પ્રસાધન

## અક્ષયપાત્ર

- બકુલ દવે

**The beautiful face is the best recommendation un the world.** ***- Plato***

**(સુંદર ચહેરો દુનિયામાં સૌથી મોટી ભલામણ છે - પ્લેટો)**

સુંદર ચહેરો મોટું વરદાન છે. એવું પણ બનતું હોય છે કે સુંદર ચહેરો ભલામણચિઠ્ઠી જેવું કામ કરી જાય ને કામ બની જાય છે. ઇશ્વરે બે ચહેરા ભાગ્યે જ સરખા બનાવ્યા હોય છે તે એની ખૂબી છે.

કેટલીક વાર તત્કાલ મળી જતી સફળતા અથવા તો કોઇ ઉપલબ્ધિ ગુણવત્તા કરતાં વધુ ચહેરાની સુંદરતાના કારણે હોય છે. ખાસ કંઇ કર્યા વગર મળી જતાં પારિતોષિક અને ઇનામ જેવું સુંદર ચહેરો ધરાવતી વ્યક્તિ સાથે પણ બનતું હોય છે. કશું ખાસ પ્રાપ્ત કરવા માટે એમને ઓછો પ્રયાસ કરવો પડે અથવા તે એમને અનાયાસે મળી જાય એવું પણ બને. એમની ઊણપો અને અવગુણ સુંદર ચહેરાની આડશમાં છુપાઇ જતાં હોય છે.

પુરૂષો કરતાં સ્ત્રીઓને સુંદર ચહેરાનો લાભ વધુ મળતો હોય છે. સભાન સ્ત્રીઓ પોતાના આકર્ષક ચહેરાનો ઉપયોગ ધાર્યું કામ કરાવવા માટે કરતી હોય છે. કોઇ કહે કે ન કહે પણ પુરૂષપ્રધાન સમાજમાં સ્ત્રીનો સુંદર ચહેરો વ્યવસાયનો વિકાસ કરવા માટે હાથવગું હથિયાર સાબિત થયો છે. જાહેરખબરોમાં સ્ત્રીની આકર્ષક મુખાકૃતિની વસ્તુને પ્રમોટ કરાતી હોય છે. નોકરીઓમાં કેટલીય જગ્યાએ સ્ત્રીની આવડત કરતાં એનો સુંદર ચહેરો કીમતી પ્રમાણપત્ર અને લાયકાત બની રહે છે. લગ્નની બજારમાં પણ લગ્નોત્સુક યુવક યુવતીને જોવા જાય છે, ત્યારે એ એનો ચહેરો અને શરીર કેવું ઘાટીલું છે તે જ જુએ છે. એના સમગ્ર વ્યક્તિત્વને જોઇ યુવતીને પસંદ કરે તેવા યુવકો કેટલા? ને એમાંય ચહેરો સુંદર ન હોય પણ બીજી ઘણી રીતે ક્ષમતા અને આવડતવાળી યુવતીને પસંદ કરતાં પહેલાં કરતાં પહેલાં મન સાથે સહેજ પણ ઝઘડો ન કરનારા પણ કેટલા?

'સચ્ચા જૂઠા' ફિલ્મનું ગીત છે : 'દિલ કો દેખો ચહેરા ન દેખો, ચહેરેને લાખોં કો લૂટા.... દિલ સચ્ચા ઔર ચહેરા જૂઠા...' કયારેક સુંદર ચહેરો છેતરી જતો હોય છે. ચહેરો મનનું દર્પણ છે એવું કહેવાય છે પણ ઘણા કિસ્સામાં એવું જોવા મળે છે કે ચહેરાના સૌંદર્યને ઉવેખી લાગણીઓનો પાર પામી શકાતો નથી. સુંદર ચહેરા પર બનાવતી આંસુ અને ઉદાસી પણ સૌંદર્યની અર્થછાયાઓ લઇને પ્રસ્તુત થતાં પ્રતીત થાય છે!

સૌંદર્ય ત્યારે જ શાશ્વત બની શકે છે, જો મન અને હૃદય પણ રૂપાળાં હોય. મન અને હૃદય કયારે રૂપાળાં હોય? જેની દૃષ્ટિ વિધાયક છે, હૃદય પ્રેમથી હંમેશાં ભરેલું અને મન વિશાળ છે તેના ચહેરાનું સૌંદર્ય કદીયે ઝંખવાતું નથી, શરીર ઘરડું થાય પછી પણ. એ સૌંદર્ય નરી આંખે કદાચ ન દેખાય એવું બને પણ તે વ્યક્તિના નજીવા પરિચયથી એના શાશ્વત હોવાની અનુભૂતિનો સ્પર્શ થઇ શકે. આ સ્પર્શની સરજાય છે કે ઘણી વાત જે દેખાય છે તે શાશ્વત નથી હોતું અને જે શાશ્વત હોય છે તે ન દેખાતું હોય તેમ પણ બને. ઘણા લોકોનો ચહેરો ઉંમર વધવા સાથે વધુ ને વધુ સુંદર જણાતો હોય છે. દુનિયાને જોતાંજોતાં પોતાનું મહત્ત્વ ઘટાડતા જઇએ ત્યારે ભીતર સ્નેહની સરવાણી ફૂટે છે, જેને વહેંચતા જવાની સતત પરિવર્તન પામતા બાહ્યરૂપનું મહત્ત્વ શૂન્ય થઇ જાય છે. સ્નેહનો વિસ્તાર વધે છે ને તે સાથે ચહેરાની આસપાસ તેજોવલય વૃદ્ધ થતા ચહેરાનો શાશ્વત સૌંદર્યથી મઢી દે છે. આ કારણે જ મા વૃદ્ધ થાય પછી પણ એનો ચહેરો સુંદર જણાય છે. એ ગુસ્સે થાય તો પણ એનો ચહેરો કદીયે કદરૂપો નથી જણાતો. મા સ્વયં પ્રેમરૂપ છે. માનો ચહેરો કદીયે અસુંદર થઇ જ ન શકે. સ્નેહ જેવું સૌંદર્ય પ્રસાધન અન્ય કોઇ નથી, હોઇ પણ ન શકે.